મહેસાણામાં બ્રહ્મ સમાજના બે ફાટીયા જોવા મળ્યા

હાર્દિક પટેલને લઈને મહેસાણામાં બ્રમ સમાજના બે ફાટીયા જોવા મળ્યા હતા. ગત રોજ એક બ્રમ સમાજના આગ્રણી તેના

સંયોજન સાથે મહેસાણાના પોલીસ સ્ટેશન અને કલેકટરને રૂબરૂમાં જઈને હાર્દિક વિરૂદ્ધ આવેદન સહિત ફરિયાદ દાખલ કરાવવા માટે રજુઆત કરી હતી. જ્યારે આજે એક જુથે એમ જણાવ્યું હતું કે બ્રમ સમાજનો ઉપયોગ ચુંટણી સમયે થવો જોઈએ આત્યારે શું છે અને હાર્દિક પટેલ એવું કઈ કહ્યું પણ નથી અને તપાસ યોગ્ય થવી જોઈએ.

મહેસાણા જિલ્લામાં હાર્દિક પટેલને બ્રમ સમાજના નિવેદનને લઈને બ્રમ સમાજમાં બે જૂથો પડી ગયા છે જેમાં ભાજપની વિચારસરણીવાળા જુથે ગત રોજ હાર્દિક પટેલના કથિત વાત પર વિરોધ મહેસાણામાં કર્યો હતો. હાર્દિકે બોલેલા અભદ્ર ભાષા અને શબ્દો અને તેના વિડિઓના વિરુદ્ધમાં એક જુથે મહેસાણા પોલીસ સ્ટેશન અને કલેકટરને રૂબરૂમાં જઈને હાર્દિક વિરૂદ્ધ આવેદન સહિત ફરિયાદ દાખલ કરાવવા માટે રજુઆત કરી હતી. તો આજે એક જૂથ બ્રમ સમાજને ગેરમાર્ગે દોરવાનું બંધ કરીને હાર્દિક પટેલે સિ.ડી કાંડ દરમિયાન કઈ પણ નિવેદન આપ્યું ન હતું અને તે ચુંટણી સમયે કોઈ હાર્દિકે નીવેદન આપ્યું જ હોય તો બ્રમ સમાજ એ જ સમયે બોલવો જોઈતો હતો આજે કેમ બોલવામાં આવી રહ્યું છે તેમ વાત કરીને જિલ્લા કલેકટરને આવેદન આપીને પોતાની બ્રમ સમાજને ગેરરસ્તે દોરવાનું બંધ કરવામાં આવે તેમ કરીને આવેદન આપ્યું છે. તેમ હરિભાઈ જોશી બ્રમ સમાજ આગ્રણીએ જણાવ્યું છે.

ખેરોજકંપા પાટીયા બસ સ્ટેન્ડ પર એક્સપ્રેસ એસ.ટી.બસ સ્ટોપેઝ ફળવાતાં આનંદ

ભિલોડા તાલુકાના ગાંભોઈ ધોરીમાર્ગ ઉપર આવેલ ખેરોજકંપા ગામના પાટીયા બસ સ્ટેન્ડ ઉપર એક્સપ્રેસ એસ.ટી.બસનું સ્ટોપેઝ ફળવાતાં મુસાફરો અને વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

રામનગર ગામના સામાજીક કાર્યકર સંકેત ચૌધરીએ જણાવ્યું હતું કે ખેરોજકંપા પાટીયા પાસે વર્ષોથી એક્સપ્રેસ એસ.ટી.બસનું સ્ટોપેઝ ન હતું ત્યારે મુસાફરો અને વિદ્યાર્થીઓને ખુબ મુશ્કેલી સહન કરવાનો અને સમય બગાડવાનો વારો આવતો હતો. હિંમતનગર ડીવીઝનના ભિલોડા એસ.ટી.બસ ડેપોની એક્સપ્રેસ એસ.ટી.બસો વારંવાર રજુઆત બાદ સ્ટોપેઝ ફળવાતાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા તાલુકાના રામનગર, ખેરાડી, વણઝર, ખેરોજકંપા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોના પ્રજાજનો અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર અપડાઉન કરતાં મુસાફરો,વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

મોડાસા બ્રધરહૂડ લાઈબ્રેરીના ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ મનાઈ ફરમાવતા ઉગ્ર રોષ

વિદ્યાર્થીઓ માટે હંગામી સાથે કાયમી પુસ્તકાલય સુવિધા આપવામાં કલેકટરને આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાનું

મુખ્યમથક મોડાસા શહેર ઉત્તર ગુજરાત સહીત પંચમહાલ જિલ્લા સુધી શિક્ષણ નગરી તરીકે જાણીતું છે. મોડાસામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ અર્થે આવેલા વિદ્યાર્થીઓ અને શહેરના વિદ્યાર્થીઓ માટે વાંચન માટે આશીર્વાદરૂપ એકમાત્ર બ્રધરહૂડ લાઈબ્રેરીના ટ્રસ્ટીઓએ વિદ્યર્થિઓને પ્રવેશબંધી ફરમાવી. આ લાયબ્રેરી ફક્ત સિનિયર સીટીઝનો માટે જ હોવાનું જણાવતા વિદ્યાર્થીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. સ્પર્ધાત્મક પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે લાયબ્રેરીમાં આવતા વિવિધ સમાચાર પત્રો અને પુસ્તકોથી દૂર રહેવું પડતું હોવાથી ગુરુવારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી હાલ પૂરતું હંગામી પુસ્તકાલય ઉભું કરી વિદ્યાર્થીઓ માટે કાયમી પુસ્તકાલય ઉભું કરવા રજુઆત કરી હતી.

કાંકરેજના કસરા ગામની યુવતીએ આત્મહત્યા કરતાં ફરીયાદ

કાંકરેજ તાલુકાના કસરા ગામની સીમમાં અમૃત મહારાજના ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતા ફરિયાદી પટણી સવિતાબેન તે રાજુભાઈ હંસરાજભાઈ મુળ રહે. જનતાનગર (પાલનપુર) હાલ રહે. કસરા તા. કાંકરેજ વાળાએ શિહોરી પો.સ્ટે. ફરિયાદ દાખલ કરતા આરોપી પટણી નાગજીભાઈ લાલુભાઈ મુળ રહે. સાકરીયા ફરિયાદીની દિકરી ઉંમર ૧૭ વર્ષનીને તહોમતદાર એક તરફી પ્રેમ કરી અવારનવાર પજવણી કરતા હોઈ ભોગ બનનાર યુવતીને આ બાબતની ખબર પોતાના માતા-પિતાને પડી ગઈ અને નરાધમે આવુ કૃત્ય કરતાં યુવતીને લાગી આવતા શરીરે કેરોસીન છાંટી અગન પછેડી ઓઢી લેતા ખુબજ પ્રમાણમાં દાઝી જવા પામી હતી. અને તેણીનુ મૃત્યુ થયુ હતુ.

અરવલ્લી જિલ્લા એસઓજી દ્વારા છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી પકડવામાં સફળતા

અરવલ્લી, તા. ૪

અરવલ્લી જિલ્લાનાઓની સુચના મુજબ જિલ્લામાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની કામગીરી સઘન બનાવાઈ છે.

પી.ડી. દરજી પોલીસ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી. રાહબરી હેઠળ આ.પો.કો. જીજ્ઞેશકુમાર બચુભાઈ ખાનગી બાતમી મળેલ કે ભિલોડા પો.સ્ટે. સે. ગુ.ર.નં. ૩૦૧૫/૧૫ ઈપીકો કલમ ૩૨૩, ૫૦૪ તથા જ.પી.એક્ટ ૧૩૫ વિગેરે મુજબ મારા મારીના ગુન્હામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી શૈલેષભાઈ ધુળાભાઈ વાઘરી રહે. મઉટાંડા, તા. ભિલોડા, જી. અરવલ્લીનાઓ ભીલોડા બસસ્ટેશન પાસે આવનાર છે તેવી બાતમી મળતા એસઓજી સ્ટાફના માણસોએ સદર આરોપીને ભીલોડા બસ સ્ટેશન પાસે કલાક ૧૧ વાગે ઝડપી પાડી આગળની વધુ સઘન તપાસ માટે ભિલોડા પો.સ્ટે.ને સુપ્રત કરવામાં આવેલ છે. આમ અરવલ્લી એસ.ઓ.જી. દ્વારા છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપી પાડવાની સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

ઈડર ટાઉનહોલ ખાતે મુક્ત જીવન, દિવ્ય જીવન પરીસંવાદ યોજાયો

ઈડર, તા. ૪

ટાઉનહોલ ખાતે યોજાયેલ પરીસંવાદમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતના ડીસ્ટ્રીક્ટ સર્વેલન્સ ઓફિસર અને ટોબેકો કંટ્રોલ સેલના નોડલ ઓફિસર ડૉ. અરૂણસિંહ ભાટીએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તમાકુ અને તેની બનાવટોથી થતા વિવિધ ગંભીર રોગો તેમજ ગ્રામજનોને કેવી રીતે વ્યસનમુક્ત બનાવી શકાય તે અંગે વિવિધ ઉદાહરણ દ્વારા માર્ગદર્શન આપેલ. ઈડર તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. કે.એસ.ચારણ અને શાળા આરોગ્ય મદદનીશ જયેશ પંડ્યાએ ઉપસ્થીત આશા બહેનોને વિષયોચિત માર્ગદર્શન આપેલ. આશા કાર્યકર બહેનોએ આ અંગે પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કરેલ. પરીસંવાદના અંતે ઉપસ્થિત સર્વેએ વ્યસનમુક્ત સમાજ બનાવવાના શપથ લીધેલ.

મોડાસામાં ખાનગી હોસ્પિટલના તબીબનું સોનોગ્રાફી મશીન સીલ

તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા સોનોગ્રાફી મશીનની હાર્ડ ડિસ્ક એફએસએલમાં મોકલાશે : ગાયનેક તબીબ દ્વારા સોનોગ્રાફી મશીનના તમામ ડેટા ડિલેટ કરતા શકના દાયરામાં

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ડીપ વિસ્તારમાં આવેલી એક સ્ત્રી રોગ નિષ્ણાત તબીબની ખાનગી હોસ્પિટલમાં મંજૂરી વગર

સોનોગ્રાફી કરવામાં આવતી હોવાની બાતમી જિલ્લા આરોગ્ય અધિકારીને મળતા તેમના માર્ગદર્શન હેઠળ તાલુકા આરોગ્ય અધિકારી અને તેમની ટીમે ઓચિંતી રેડ કરી તબીબ દ્વારા ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરવામાં આવતું હોવાનું ધ્યાને આવતા સોનોગ્રાફી મશીન શીલ કરી અત્યાર સુધી કેટલીવાર સોનોગ્રાફી કરવામાં આવી તેની વધુ જાણકારી મેળવવા મશીનની હાર્ડડિસ્ક એફએસએલમાં મોકલવા કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાની ડીપ વિસ્તારમાં ટૂંક સમય પહેલા નિર્માણ પામેલી નિધિ હોસ્પિટલના સ્ત્રી રોગ નિષ્ણાત તબીબ ડૉ. દિપક ખીલવાની દ્વારા ગેરકાયદેસર રીતે ગર્ભ પરીક્ષણ કરવામાં આવતું હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારીને બાતમી મળતા તેમના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ અધિકારી જીજ્ઞા પટેલ અને તેમની ટીમ દ્વારા છાપો મારતા પહેલા કોસ ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. દિપક ખીલવાની દ્વારા સરકારના નિયમ વિરુદ્ધ ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરવામાં આવતું હોવાનું જણાઈ આવતા ગુરુવારે નિધિ હોસ્પિટલમાં રેડ કરી ગેરકાયદેસર રીતે થતી સોનોગ્રાફી માટે રાખેલ સોનોગ્રાફી મશીન શીલ કરવામાં આવ્યું હતું અને મશીનની હાર્ડડિસ્કમાં રહેલો દર્દીઓનો ડેટા તબીબ દ્વારા ડિલેટ કરી દેવામાં આવતો હોવાનું જણાઈ આવતા હાર્ડડિસ્કને પરીક્ષણ માટે એફએસએલમાં મોકલી આપવામાં આવી હતી. સૂત્રોની જાણકારી અનુસાર તબીબને આરોગ્ય વિભાગ તરફથી સોનોગ્રાફી મશીન ઈન્સ્ટોલ કરવાની મંજૂરી આપવામાં આવી હતી પરંતુ તબીબ દ્વારા આરોગ્ય વિભાગની આંખોમાં ધૂળ નાખી ગેરકયદેસર રીતે ગર્ભ પરીક્ષણ શરુ કરી દેવામાં આવતા આરોગ્ય વિભાગની ટીમે તબીબ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડાના મોંધરી ગામમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિર યોજાશે

ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના મોંધરી ગામમાં એન.એસ.એસ. વિભાગ ધ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિર યોજાશે.બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી, બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણા એન.એસ.એસ. વિભાગ ધ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિર તા.૫/૧/૨૦૧૮ થી તા.૧૧/૧/૨૦૧૮ સુધી યોજાશે.સ્વચ્છતા શિબિર ઉદ્ઘાટન સમારોહ તા.૬/૧/૨૦૧૮ ને શનીવારના રોજ ૧૦:૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે સામારંભ અધ્યક્ષ જગદીશભાઈ પટેલ જીલ્લા ખેતીવાડી અધિકારી, મુખ્ય મહેમાનો બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ ચીમનભાઈ પંડ્યા, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, મંત્રી જગદીશભાઈ જોષી, બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય ડૉ.કલ્પનાબેન પટેલ, પ્રોગ્રામ ઓફીસર એન.એસ.એસ. નિવૃત્તિનાથ આર.જોષી, પંકજભાઈ એમ.જોષી, મોંધરી ગ્રામ પંચાયત સરપંચ કચરાભાઈ પટેલ સહિત અગ્રણી આગેવાનો, ગ્રામજનોની ઉપસ્થિતીમાં સ્વચ્છતા જાગૃતી શિબિર યોજાશે.

થરાદ પોલીસ મથકે શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ

થરાદ ડિ.વાય.એસ.પી.ના અધ્યક્ષ સ્થાને મિટિંગ યોજાઈ હતી. મિટિંગમા જુદા જુદા મુદ્દાઓની બાબતે રજુઆત કરાઈ હતી. જેવાકે સ્કૂલ કૉલેજોની આગળ લુખ્ખા તત્વોનો ત્રાસ, ટ્રાફિક સમસ્યા, ચોરીના પ્રમાણમાં વધારા જેવા પ્રસનોની રજુઆત કરાઈ હતી અને આ મિટિંગમાં શહેરના અગ્રણીઓ હાજર રહ્યા હતા. લાખણીના ગેળા ગામે હનુમાનજી મંદિરે દર શનિવારે દર્શાર્થીઓના ટ્રાફિકમાં ટ્રાફિક પોલીસ રૂપિયા લેતા હોવાના આક્ષેપ કરાયા હતા.

પાલનપુર ખાતે આઠમી જાન્યુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી કરાશે

પાલનપુર, તા. ૪

ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આગવુ સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

યોજાનાર છે. જે અંતર્ગત આગામી તા.૮ જાન્યુઆરીના રોજ પાલનપુર મુકામે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉત્સાહભેર માહોલમાં ઉજવણી કરવામાં આવશે.

આ મહોત્સવની શાનદાર ઉજવણી માટે કલેકટર આર.જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર સુદ્રઢ આયોજન કરી વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પતંગ મહોત્સવની ઉજવણી સંદર્ભે પાલનપુર ખાતે નાયબ કલેકટર પાલનપુર એ. ડી. જોષીના અધ્યક્ષસ્થાને અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ વ્યવસ્થાઓને લગતી ઝીણવટપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી પ્રસંગે આગામી તા.૮ જાન્યુઆરી, સોમવારના રોજ પાલનપુર ખાતે દેશ-વિદેશના ખ્યાતનામ પતંગબાજો વિવિધ કરતબોનું નિદર્શન કરશે. આ પ્રસંગે બનાસકાંઠા જીલ્લાના હજારો વિધાર્થીઓ અને પતંગ રસીકો આ મહોત્સવમાં સામેલ થશે. બનાસકાંઠા જીલ્લાના વિધાર્થીઓ, યુવાનો અને જીલ્લાના પતંગરસીકોને આ મહોત્સવમાં સામેલ થવા જીલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે. પતંગ મહોત્સવમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેની નોંધ લેવા પણ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

બનાસકાંઠા જીલ્લામાંથી આ મહોત્સવમાં સામેલ થવા ઇચ્છતા નાગરિકોએ જીલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, શિવશક્તિ બિલ્ડીંગ, જીલ્લા પંચાયતની સામે પાલનપુરનો સંપર્ક કરી નોંધણી કરાવવા જણાવાયું છે. આ કચેરીનો ફોન નં. ૦૨૭૪૨-૨૫૩૮૩૦ છે.

હિંમતનગરના તબીબના ધર્મપત્નિનું અવસાન થતા દેહદાન કરાયું

હિંમતનગર, તા. ૪

પ્રાંતિજતાલુકાના પોગલુ ગામના રહિશ અને હિંમતનગરને કર્મભૂમિ બનાવી મેડીકલ, ધાર્મિક, સામાજીક સંસ્થાઓ તથા શૈક્ષણિક

ક્ષેત્રે સરાહનીય કામગીરી કરનાર ડૉ. ચીમનભાઈ એસ. પટેલના ધર્મપત્નિનું ગુરૂવારે લાંબી માંદગી બાદ નિધન થતા ડૉ. પરિવારે મૃતદેહનો અગ્નિ સંસ્કાર કરવાને બદલે ચક્ષુદાન મેડીકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે દેહદાન કરીને સ્તુત્ય પગલુ ભર્યું છે.

આ અંગે જાણીતા તબિબ ડૉ. ચીનભાઈ પટેલે જણાવ્યું હતું કે જેવી રીતે રક્તદાન, ચક્ષુદાન અને અંગદાનને કારણે કોઈકને નવુ જીવન મળે છે ત્યારે તેમની ધર્મપત્નિ મધુબેન પટેલે મૃત્યુના ચાર દિવસ અગાઉ દેહદાન કરવાનો વિચાર રજુ કર્યો હતો જેને પરિવારજનોએ વધાવી લઈ ગુરૂવારે તેમનુ અવસાન થતા તેમના નિવાસસ્થાને ધાર્મિક વિધિ આટોપીને મૃતદેહ હિંમતનગર સ્થિત મેડીકલ કોલેજને સુપ્રત કર્યો હતો.

ચીનમભાઈ પટેલના જણાવ્યા મુજબ વર્ષો અગાઉ તેઓ મેડીકલમાં ભણતા હતા ત્યારે તેમના પત્નિ મધુબેને ઘરે રહી ઘરકામ, ખેતીકામ રાખીને ઘર ચલાવવામાં પુરૂષ સમોવડીયાની ભૂમિકા અદા કરી હતી.

જાન્યુઆરી માસમાં ઉત્તરાર્ધ મહોત્સવ, ૨૬ જાન્યુઆરી અને રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લાના સુપ્રસિધ્ધ મોઢેરા સુર્યમંદિર ખાતે દ્વિ દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. ૨૦ અને ૨૧ જાન્યુઆરીના રોજ યોજાનાર દ્વિ દિવસીય મહોત્સવમાં સુપ્રસિધ્ધ કલાકારો પરફોમ્સ આપનાર છે. આ મહોત્સવની તૈયારી સંદર્ભે જિલ્લા કલેકટર એચ.કે.પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી .જેમાં જિલ્લાના વિવિધ અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી હતી. આ બેઠકમાં આમંત્રણપત્રિકા તૈયાર કરવી, પ્રચાર-પ્રસારની વ્યવસ્થા, લાઇટ, સ્ટેજ મંડપ, સાઉન્ડની વ્યવસ્થા, સફાઇ, સ્ટેજ સુશોભન, બેઠક વ્યવસ્થા, ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા, કાયદો, પાર્કિંગ, ફાયરબિગ્રેડ, વીજપુરવઠો, કલાકારોની વ્યવસ્થા સહિતની તમામ વ્યવસ્થાઓની સમીક્ષા કરાઇ હતી.

જિલ્લા કલેકટર એચ.કે.પટેલે જણાવ્યું હતું કે મોઢેરા ઉત્તરાર્ધ મહોત્સવ આંતર રાષ્ટ્રીય મહોત્સવ છે. આ મહોત્સવ સંદર્ભે તમામ અધિકારીઓને સોંપેલ કામગીરી કરવા સુચન કર્યું હતું.

બેઠકમાં મહેસાણા જિલ્લામાં ૬૯મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સંદર્ભે સફાઇ, પાણીનો છંટકાવ, કચેરીઓમાં રોશની, બેઠક વ્યવસ્થા, ધ્વજવંદન માટેની વ્યવસ્થા, ઇલેકટ્રીકની વ્યવસ્થા, આમંત્રણ કાર્ડ તૈયાર કરવા, મીનીટ ટુ મિનીટ કાર્યક્રમ, એનાઉન્સરની વ્યવસ્થા, વાહન પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થા, આરોગ્ય ટીમની વ્યવસ્થા, ટેબ્લો નિદર્શન આયોજન સહિત વિવિધ બાબતો ચર્ચા કરાઇ હતી. રાષ્ટ્રીય પર્વના કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ વિભાગોને સોંપેલ કામગીરી પુર્ણ કરે અને તેનો અહેવાલ પણ મોકલી આપવા સુચન કરાયું હતું.

આ ઉપરાંત ભારત સરકાર દ્વારા, વધુને વધુ યુવા મતદારોને મતદાન વિષયે જાગૃત કરવા, પ્રોત્સાહિત કરવા અને મતદાનની રાજકીય પ્રણાલીમાં જોડવાના ઉદ્દેશથી દર વર્ષના ૨૫ જાન્યુઆરીના દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ (**National Voters' Day**) તરીકે મનાવવામાં આવે છે. આ ઉજવણીની શરૂઆત ૨૫ જાન્યુઆરી, ૨૦૧૧થી કરવામાં આવી છે. તારીખ ૨૫ જાન્યુઆરી ચૂંટણી પંચનો સ્થાપના દિવસ છે. મહેસાણા જિલ્લામાં પણ રાષ્ટ્રીય મતદાતાની ઉજવણી સંદર્ભે બેઠક યોજાઈ હતી. બેઠકમાં નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં ગ્રામસભામાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા

ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં ગ્રામ પંચાયતમાં ગ્રામસભા દરમ્યાન ખેડુતો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. પાવરગ્રીડ કંપની ધ્વારા ગેરબંધારણીય, ગેરકાયદાકીય રીતે ભિલોડા તાલુકાના અનુસુચિત ક્ષેત્ર-૫ માં વસવાટ કરતા આદિવાસીઓની માલીકીની ખેતીલાયકમાં હસ્તક્ષેપ કરાતાં ખેડુતોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.ભારત દેશના બંધારણ અનુરછેદ-૧૩(૩) (ક), ૧૯(૫), ૨૪૪ (૧) તેમજ પેસા-ઍક્ટ-૧૯૯૬-ધારા-૪૦ મુજબ ગ્રામસભા દરમ્યાન ઠરાવ કર્યો છે.

ભાણમેર ગ્રામ પંચાયત હોલમાં આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના નેશનલ પ્રવક્તા અને સામાજીક કાર્યકર અનિલકુમાર હડુલાની રાહબરી હેઠળ પેસા ઍક્ટ ૧૯૯૬ અધિનિયમ મુજબ ગ્રામસભા દરમ્યાન છેલ્લા એક વર્ષથી પાવરગ્રીડ કંપની વિરૂધ્ધ આંદોલન ચાલી રહ્યું છે. પેસા ઍક્ટ મુજબ સર્વાનુમતે વિરોધમાં ઠરાવ પસાર કરી કાયદાકીય સ્વરૂપ આપવામાં આવેલ છે.

પાવરગ્રીડ કંપની ધ્વારા ગુજરાત રાજ્યના બનાસકાંઠા જીલ્લામાંથી રાજસ્થાન રાજ્યના ચિત્તોડગઢ જીલ્લા સુધી હેવી ડબલ સર્કીટવાળી વીજલાઈન પસાર થઈ રહી છે ત્યારે વીજલાઈનનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે. ખેડુતોના જણાવ્યા મુજબ પાવરગ્રીડ કંપની ધ્વારા આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓની રોજીરોટી સમાન ખેતીલાયક જમીનમાં હસ્તક્ષેપ કરી બળજબરીપુર્વક ભય બતાવી કામકાજ ચાલું કરેલ ત્યારે આ વિસ્તારના આદિવાસી ગરીબ ખેડુતોને મોટા પાયે લાખ્ખો રૂપિયાનું નુકશાન કરેલ છે ત્યારે આદિવાસી ખેડુતો બેરોજગાર બનશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ભિલોડા વિસ્તારમાંથી પાવરગ્રીડ કંપની ધ્વારા ૭૬૫ કે.વી.થી ૮૫૦ કે.વી.હેવી વીજ લાઈન નાખવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે. પાવરગ્રીડ કંપની ધ્વારા ગેરબંધારણીય ગેરકાયદેસર રીતે આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓની માલીકીની જમીનોમાં હસ્તક્ષેપ કરેલ હતો.ખેડુતો અને આગેવાનો ધ્વારા મહામુલ્યવાન ફળદ્રુપ ખેતીલાયક જમીનો બચાવવા આંદોલન કરેલ હતું. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ધ્વારા જમીન વળતર, ઝાડ વળતર, પાક નુકશાનીનું વળતર આપવાની હૈયાધારણા આપવામાં આવી હતી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે પાવરગ્રીડ કંપનીના સંચાલકો ધ્વારા તેનો ચુસ્તપણે અમલ ન કરાતાં ભાણમેર ગ્રામ પંચાયતમાં ગ્રામજનોની ઉપસ્થિતીમાં પેસા ઍક્ટ મુજબ પાવરગ્રીડ કંપનીના તખલઘી નિર્ણય મુજબ ઐતિહાસિક ઠરાવ કરી બહાલી આપી નથી ત્યારે ઠરાવનું ઉલ્લઘંન થશે તો કાયદાકીય કાર્યવાહી કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના બંધારણીય કાયદા મુજબ અમલ કરવામાં આવે તેમજ યોગ્ય નિર્ણય કરી ખેડુતોને ન્યાયિક રીતે ન્યાય આપવાની વાત ગ્રામસભા દરમ્યાન રજુ કરાઈ હતી.